## DEPARTMENTAL EXAM

# Paper 2, ACCOUNTS MATTER

**Total Marks : 100**

| | |
|---|---|
| ૧ | કયા સંજોગોમાં રજા પ્રવાસ રાહત અંગેની મંજૂર થયેલ પેશગીની અર્ધીરકમ સરકારને તરત જ રીફંડ કરવાની રહે છે?<br>(A) પેશગી મંજૂર થયાના એક મહિનામાં હિસાબ સરભર કરવાથી<br>(B) અપેક્ષિત ગેરહાજરીનો સમયગાળો ૯૦ દિવસથી વધુ હોવો જોઈએ નહીં.<br>(C) રજા કે અપેક્ષિત ગેરહાજરીનો સમયગાળો ૯૦ દિવસથી વધુ હોય તેવા કિસ્સામાં માત્ર વતન તરફથી મુસાફરી માટે જ ઉપાડી શકાય.<br>(D) ગેરહાજરીનો સમયગાળો ૯૦ દિવસથી વધી જવાનો સંભવ છે તેવું પાછળથી સ્પષ્ટ થતુ હોય એવા કિસ્સામાં |
| ૨ | ઉચ્ચક બીલનું વિગતવાર બીલ ક્યાં રજુ કરવાનું હોય છે ?<br>(A) તિજોરી કચેરીમાં (B) એ. જી. કચેરીમાં<br>(C) નાણાં વિભાગમાં (D) ખાતાના વડાની કચેરીમાં |
| ૩ | સામાન્ય રીતે લોનની રકમ કરતાં ઓછામાં ઓછી કેટલા ટકા જેટલી વધુ હોય એવી જામીનગીરી સ્વીકારવાની હોય છે?<br>(A) ૨૫ ટકા (B) ૩૩.૧/૩ ટકા<br>(C) ૫૦ ટકા (D) ૭૫ ટકા |
| ૪ | એક સદરનો કોડ ૨૨૦૨ છે, તો આ સદર નીચે પૈકી શું કહેવાય ?<br>(A) મહેસુલી આવક (B) મહેસુલી ખર્ચ<br>(C) મૂડી આવક (D) મૂડી ખર્ચ |
| ૫ | મકાનનું બાંધકામ ઉભણી સુધી પહોંચે ત્યારે પેશગીની બીજી કેટલા ટકા જેટલી રકમ ચૂકવવાપાત્ર થશે?<br>(A) ૧૦ ટકા (B) ૨૦ ટકા<br>(C) ૩૦ ટકા (D) ૪૦ ટકા |
| ૬ | બંધારણની કઈ કલમ અન્વયે રાજયપાલ વિધાનસભામાં અંદાજપત્ર રજુ કરી શકે છે ?<br>(A) કલમ–૨૦૨ (B) કલમ–૨૦૩<br>(C) કલમ–૨૬૭ (D) કલમ–૨૬૮ |

| | |
|---|---|
| ૭ | બદલી પગાર પેશગી વધુમાં વધુ કેટલા હપ્તામાં વસૂલ કરવાની થાય છે ?<br>(A) એક (B) બે<br>(C) ત્રણ (D) ચાર |
| ૮ | વાઉચરો નિયમો અનુસાર તૈયાર કરવાની ફરજ અને જવાબદારી કોની છે ?<br>(A) નિયંત્રણ અધિકારીની (B) ઉપાડ અધિકારીની<br>(C) કચેરીના વડાની (D) આ તમામની |
| ૯ | સરકારી કર્મચારીએ સરકાર પાસેથી મેળવેલ પેશગીમાંથી ખરીદેલ વાહનને આગ, ચોરી કે અકસ્માતથી નુકશાન સામે નીચેનામાંથી કઈ કંપની પાસેથી વીમો ઉતરાવવાનો થતો નથી ?<br>(A) નેશનલ ઈન્સ્યુરન્સ કંપની લીમીટેડ<br>(B) લાઈફ ઈન્સ્યુરન્સ કંપની લીમીટેડ<br>(C) ન્યુ ઈન્ડિયા એસ્યોરન્શ કંપની લીમીટેડ<br>(D) યુનાઈટેડ ઈન્ડિયા ફાયર એન્ડ જનરલ ઈન્સ્યુરન્સ કંપની લીમીટેડ |
| ૧૦ | નિવૃતિના કેટલા માસ અગાઉ સામાન્ય ભવિષ્ય નિધિમાં ફાળો ભરવાનું બંધ કરવાનો વિકલ્પ આપી શકાય?<br>(A) નવ માસ (B) છ માસ<br>(C) ત્રણ માસ (D) બાર માસ |
| ૧૧ | વાહનની ખરેખર કિંમતમાં નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ થતો નથી?<br>(A) વેચાણ વેરાનો<br>(B) સ્પેરવ્હીલ, ટાયર અને ટ્યુબનો<br>(C) વાહનના રજીસ્ટ્રેશનના ખર્ચનો<br>(D) વાહન માટે ખરીદવામાં આવેલ પ્લાસ્ટીક કવર, રેડિયો, ટેપ વગેરેનો |
| ૧૨ | કોઈ ચોકકસ બાબત નવી બાબત તરીકે ગણવી કે કેમ એવી શંકા ઉભી થાય તો કોની સલાહ લેવી ?<br>(A) જાહેર હિસાબ સમિતિની (B) નાણાં વિભાગની<br>(C) અંદાજ સમિતિની (D) સામાન્ય વહીવટ વિભાગની |
| ૧૩ | ગુજરાત નાણાંકીય નિયમો–૧૯૭૧ ક્યારથી અમલમાં આવેલ છે ?<br>(A) ૨૩ ઓગષ્ટ ૧૯૭૧ (B) ૧૫ ઓગષ્ટ ૧૯૭૧<br>(C) ૨૧ ઓગષ્ટ ૧૯૭૧ (D) ૨૬ ઓગષ્ટ ૧૯૭૧ |
| ૧૪ | બચતદારના મૃત્યુ સમયે કેટલા વર્ષની નોકરી હોય તો અનામત સહ વિમા યોજનાનો લાભ આપી શકાય ?<br>(A) એક વર્ષ (B) બે વર્ષ<br>(C) ત્રણ વર્ષ (D) પાંચ વર્ષ |

| | |
|---|---|
| ૧૫ | ગુજરાત નાણાંકીય નિયમો ૧૯૭૧ ની જોગવાઈઓના અર્થઘટન પરત્વે શંકા ઉભી થાય તો એ બાબતમાં નિર્ણય કરવાની સત્તા કોને છે ?<br>(A) તિજોરી અધિકારી (B) હિસાબી અધિકારી<br>(C) નાણાં વિભાગને (D) ખાતાના વડાને |
| ૧૬ | ઓડિટ માટે વાઉચર ઉપલબ્ધ ન હોય તો શું કરવું જોઈએ ?<br>(A) જવાબદાર પાસેથી નાણાં વસૂલ કરવા<br>(B) નાણાં ખર્ચાયેલ છે તેવું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર મેળવવું<br>(C) ડુપ્લીકેટ વાઉચર બનાવવા<br>(D) વાઉચર ન મળે ત્યાં સુધી ઓડિટ મુલતવી રાખવું |
| ૧૭ | રાજય આવકમાંથી ખર્ચ થતું હોય એવા કરાર કરવાની જેમને સત્તા આપવામાં આવી હોય એવા તાબાના સત્તાધિકારીઓએ નાણાંકિય નિયમોમાં દર્શાવેલ કેટલા સામાન્ય સિધ્ધાંતોનું પાલન કરવું પડે ?<br>(A) ૦૫ (B) ૧૭<br>(C) ૧૯ (D) ૨૨ |
| ૧૮ | મોટરકાર પેશગીની વસુલાત વ્યાજ સહિત કુલ કેટલા હપ્તામાં કરવાની હોય છે ?<br>(A) ૬૦ હપ્તા (B) ૮૦ હપ્તા<br>(C) ૧૨૦ હપ્તા (D) ૧૦૦ હપ્તા |
| ૧૯ | જાહેર નિધિમાંથી ખર્ચ કરતા સમયે સામાન્ય રીતે નીચેના પૈકી કયા સિધ્ધાંત પર ભાર મુકાતો નથી?<br>(A) સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત એના પોતાના નાણાં ખર્ચતી વેળા રાખે છે તેવી તકેદારી રાખવી.<br>(B) જરૂરી હોય એ કરતાં પ્રથમ દષ્ટિએ ખર્ચ વધુ હોવુ જોઈએ નહિ.<br>(C) લોકોના અમુક ભાગના લાભ માટે જાહેર નિધિમાંથી ખર્ચ કરવું.<br>(D) ભથ્થાં મેળવનાર વ્યકિતઓ માટે એ ભથ્થાં એકંદર નફાનું સાધન બની રહે નહિ. |
| ૨૦ | કર્મચારીએ ક્યારે સામાન્ય ભવિષ્ય નિધિમાં ફાળો ભરવાનો હોતો નથી ?<br>(A) એક માસથી વધારે રૂપાંતરિત રજા દરમિયાન<br>(B) એક માસથી વધારે પગારી ખર્ચ રજા દરમિયાન<br>(C) એક માસથી વધારે અસાધારણ રજા દરમિયાન<br>(D) એક માસથી વધારે પ્રાપ્ત રજા દરમિયાન |

| | |
|---|---|
| ૨૧ | ભારતના સંવિધાનની કલમ–૨૬૭ (૨) ની જોગવાઈ હેઠળ રાખવામાં આવતું ગુજરાત રાજયનું આકસ્મિક ફંડ એટલે ?<br>(A) રાજયનું એકત્રિત ફંડ (B) કન્ટીજન્સી ફંડ<br>(C) સ્થાનિક ફંડ (D) એ.બી.સી. પૈકી એકેય નહી. |
| ૨૨ | જી.પી.એફ.માંથી ધો.૧૨ પછીના ઉચ્ચ અભ્યાસ માટે મહત્તમ કેટલી રકમ મળવાપાત્ર છે ?<br>(A) રૂા. ૨,૦૦,૦૦૦ (B) રૂા. ૧,૫૦,૦૦૦<br>(C) રૂા. ૧,૦૦,૦૦૦ (D) રૂા. ૨,૫૦,૦૦૦ |
| ૨૩ | જે તિજોરીઓનો રોકડ વ્યવહાર બેંક મારફતે ચાલે છે ત્યાં નીચે દર્શાવેલ પૈકી કઈ જગ્યાઓ હોતી નથી?<br>(A) મદદનીશ હિસાબનીશો (B) પેટા હિસાબનીશો<br>(C) ખજાનચી અને શરાફ કારકુન (D) નાયબ હિસાબનીશો |
| ૨૪ | ગુજરાત તિજોરી નિયમોના કયા નમુનામાં ઈજાફા રજીસ્ટર નિભાવવાનું છે ?<br>(A) ફોર્મ નં.૩૧ (B) ફોર્મ નં.૩૨<br>(C) ફોર્મ નં.૩૩ (D) ફોર્મ નં.૩૪ |
| ૨૫ | સરકારી હિસાબમાં નાણાં જમા કરાવતી ખાનગી વ્યકિતએ ચલન કેટલી નકલમાં રજૂ કરવાનું રહે ?<br>(A) એક નકલ (B) બે નકલ<br>(C) ત્રણ નકલ (D) ચાર નકલ |
| ૨૬ | નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?<br>(A) બચતદાર પ્રોવિડન્ટ ફંડ પર વ્યાજ નહિ લેવાનો વિકલ્પ સ્વીકારી શકે.<br>(B) બચતદારે પ્રોવિડન્ટ ફંડ પર વ્યાજ લેવું ફરજીયાત છે.<br>(C) વર્ષ દરમ્યાન બચતદાર ત્રણ વખત ફાળાની રકમ ઘટાડી શકે છે.<br>(D) ઉપરના તમામ સાચા છે. |
| ૨૭ | કેપીટલ સદર ૮૩૩૬ મુલ્કી અનામતોમાં કઈ બાબતનો સમાવેશ થતો નથી?<br>(A) જિલ્લા પંચાયતની ભવિષ્યનિધિ અનામતો<br>(B) જિલ્લા શિક્ષણાધિકારીની ભવિષ્યનિધિ અનામતો<br>(C) શિક્ષણ નિયામકની ભવિષ્યનિધિ અનામતો<br>(D) જૂથ વિમા હેઠળની અનામતો |
| ૨૮ | વિધાનસભામાં અંદાજપત્ર કોણ રજુ કરે છે ?<br>(A) રાજયપાલશ્રી (B) મુખ્યમંત્રીશ્રી<br>(C) વિધાનસભાના અધ્યક્ષશ્રી (D) નાણાંમંત્રીશ્રી |

| | |
|---|---|
| ૨૯ | કેટલા મુખ્ય સદરોને લગતા ખર્ચને એક જ રજિસ્ટરમાં દર્શાવવું નહિ કે તેનો એક જ બિલમાં સમાવેશ કરવો નહિ?<br>(A) એક કે એકથી વધુ નહીં (B) બે કે બે થી વધુ નહીં<br>(C) ત્રણ કે ત્રણથી વધુ નહી (D) ચાર કે ચારથી વધુ નહીં |
| ૩૦ | નીચેનામાંથી કઈ બાબત જાહેર હિસાબનો ભાગ બને છે ?<br>(A) ફી (B) કરવેરા<br>(C) અનામતો (D) દંડ |
| ૩૧ | સામાન્ય રીતે તિજોરી/પેટા તિજોરીના ઉપયોગ માટે નવા તાળાની ખરીદી કોણ કરશે ?<br>(A) નિયામક (B) તિજોરી અધિકારી<br>(C) નાયબ હિસાબનીશ (D) પેટા તિજોરી અધિકારી |
| ૩૨ | સામાન્ય ભવિષ્ય નિધિમાંથી ઉપાડ માટે આપેલી મંજૂરી કેટલા સમય પછી રદ થશે ?<br>(A) ત્રણ માસ (B) છ માસ<br>(C) આઠ માસ (D) બાર માસ |
| ૩૩ | છત્રીસ કરતાં વધુ સમય સુધી વણ આકારાયેલ પેન્શન ચૂકવવા બાબતે કોની મંજૂરીની જરૂરીયાત રહે છે ?<br>(A) તિજોરી અધિકારી (B) નિયામક પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ<br>(C) સંબંધિત વહીવટી વિભાગ (D) નાણાં વિભાગ |
| ૩૪ | આકસ્મિક ફંડ કોના હસ્તક રાખવામાં આવે છે ?<br>(A) નાણાં સચિવશ્રી (B) મુખ્યમંત્રીશ્રી<br>(C) નાણામંત્રીશ્રી (D) રાજયપાલશ્રી |
| ૩૫ | જે વ્યકિતના પગાર બિલેથી મૂળ જગાએ કપાત કરવામાં આવી હોય તેવા કર કપાતની પહોંચ ચૂકવણી અધિકારીએ ગુજરાત તિજોરી નિયમના કયા ફોર્મ મુજબ આપવાની હોય છે ?<br>(A) ફોર્મ નં.૨૭ (B) ફોર્મ નં.૨૬<br>(C) ફોર્મ નં.૨૫ (D) ફોર્મ નં.૨૮ |
| ૩૬ | એકજ મુખ્ય સદર હેઠળના એક ગૌણ સદરમાંથી બીજા ગૌણ સદર માં ગ્રાન્ટની ફેરબદલીને શું કહેવાય ?<br>(A) સુધારેલ અંદાજ (B) પુનઃ વહેંચણી<br>(C) પુનઃ વિનિયોગ (D) પુરક માંગણી |
| ૩૭ | સામાન્ય પુસ્તકો અને સામયિકોની ખરીદી, લેખન સામગ્રીની ખરીદી વગેરેનો સમાવેશ કયા પ્રકારના ખર્ચમાં થાય છે ?<br>(A) આનુષંગિક આકસ્મિક ખર્ચ (B) ખાસ આકસ્મિક ખર્ચ<br>(C) નિયત આકસ્મિક ખર્ચ (D) મુકરર દરવાળા આકસ્મિક ખર્ચ |

| | |
|---|---|
| ૩૮ | નીચેનામાંથી કયો ખર્ચ આકસ્મિક ખર્ચ ગણાય છે ?<br>(A) મહેકમનો પગાર ખર્ચ<br>(B) મુસાફરી ભથ્થા ખર્ચ<br>(C) મોજણી કામ માટે રોકેલ હંગામી કર્મચારી વર્ગનો પગાર ખર્ચ<br>(D) આ બધા |
| ૩૯ | મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમોના નિયમ ૪૩ અન્વયે કોઈપણ નિરીક્ષક અધિકારી કચેરીના આકસ્મિક ખર્ચમાંથી શું લઈ શકે નહીં ?<br>(A) ટેલીફોન ભાડાનું બિલ (B) બિલની રકમ<br>(C) પેશગી (D) ચેક |
| ૪૦ | નવા નિમાયેલા કર્મચારીને તંદુરસ્તીનું પ્રમાણપત્ર રજુ કર્યા વિના કેટલા માસ સુધી પગાર ચુકવી શકાય ?<br>(A) બે માસ (B) ત્રણ માસ<br>(C) ચાર માસ (D) છ માસ |
| ૪૧ | ધ્વજ દંડીના સમારકામ અને તેમના નવીનીકરણનું ખર્ચ કયા અનુદાનમાંથી કરવાનું થાય છે ?<br>(A) શૈક્ષણિક અનુદાનમાંથી (B) આકસ્મિક ખર્ચમાંથી<br>(C) જાહેર બાંધકામ અનુદાનમાંથી (D) માર્ગ અને મકાનના અનુદાનમાંથી |
| ૪૨ | રાજય સરકારોએ રાખવાના હિસાબોનો નમૂનો નક્કી કરવાની સત્તા કોને સોંપવામાં આવી ?<br>(A) નાણાં વિભાગને (B) નાણાં સચિવને<br>(C) સી. એ. જી. ને (D) રાજયપાલશ્રીને |
| ૪૩ | ચોથા વર્ગના સરકારી કર્મચારીઓને સુતરાઉ પોશાક દર બે વર્ષે પુરો પાડવાની જોગવાઈ કયા નિયમમાં કરવામાં આવેલ છે ?<br>(A) નિયમ ૧૦૪ (૧) (B) નિયમ ૧૦૬ (૧)<br>(C) નિયમ ૧૦૭ (D) નિયમ ૧૦૫ |
| ૪૪ | વિધાન મંડળે મંજુર કરેલ નાણાં વહીવટી તંત્રએ માગણીની ક્ષેત્રમર્યાદાની અંદર રહીને ખર્ચ્યા છે, તેની ખાતરી કરવાનું કામ કોનું છે ?<br>(A) જાહેર હિસાબ સમિતિનું (B) અંદાજ સમિતિનું<br>(C) ખર્ચ અગ્રતા સમિતિનું (D) આ તમામ સમિતિનું |

| | |
|---|---|
| ૪૫ | મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમો ૧૯૫૯ એ ભારતીય સંવિધાનની કઈ કલમથી મળેલ સત્તાની રૂએ ઘડવામાં આવેલ છે ?<br>(A) કલમ–૧૬૫ (B) કલમ–૧૬૭<br>(C) કલમ–૧૬૬ (D) કલમ–૧૭૬ |
| ૪૬ | માર્ચના હિસાબોના હિસાબમેળ દર વર્ષે કઈ તારીખ પહેલા પૂરા કરવા જોઈએ ?<br>(A) ૩૧ મી માર્ચ (B) ૧૫ મી જુન<br>(C) ૧૫ મી મે (D) ૧૫ મી એપ્રિલ |
| ૪૭ | હિસાબ અને તપાસણી કચેરીને મોકલવા પડતાં વાઉચરોનો ઉપાડ અધિકારીએ કેટલો સમયગાળો વિત્યા સિવાય કોઈપણ પેટા વાઉચરોનો નાશ કરવો જોઈએ નહીં ?<br>(A) ત્રણ માસ (B) એક વર્ષ<br>(C) ત્રણ વર્ષ (D) પાંચ વર્ષ |
| ૪૮ | ગુજરાત તિજોરી નિયમોના ફોર્મ નં.૩૨ ના નમુનામાં કયું રજીસ્ટર નિભાવવાનું હોય છે ?<br>(A) ઈજાફા રજીસ્ટર (B) બિલ રજીસ્ટર<br>(C) હિસાબી રજીસ્ટર (D) ખર્ચ રજીસ્ટર |
| ૪૯ | સચિવાલયમાં કામે રાખેલ ચોથા વર્ગના કયા કર્મચારીઓને વાદળી રંગના આખા પાટલૂન અને બે અડધી બાંયના ખમીશ આપવાની જોગવાઈ છે ?<br>(A) હમાલ (B) સફાઈ કામદાર<br>(C) માળી (D) નાયક |
| ૫૦ | ખર્ચ પર નિયંત્રણ રાખવા દરેક નિયંત્રણ અધિકારીએ કયા ફોર્મમાં ખર્ચનું રજીસ્ટર રાખવાનું છે ?<br>(A) ફોર્મ નં.૧૦ (B) ફોર્મ નં.૧૧<br>(C) ફોર્મ નં.૧૨ (D) ફોર્મ નં.૯ |
| ૫૧ | કરવામાં આવેલ ખર્ચ, જે સત્તાની રૂએ તે કર્યો હોય તેની સાથે સુસંગત છે કે કેમ ? તે બાબતની ખાતરી કઈ સમિતિ દ્વારા કરવામાં આવે છે ?<br>(A) જાહેર હિસાબ સમિતિ (B) અંદાજ સમિતિ<br>(C) ખાતરી સમિતિ (D) ખર્ચ અગ્રતા સમિતિ |
| ૫૨ | જરૂરીયાત કરતાં વધારે ગ્રાન્ટ હોય તો શું કરવું જોઈએ ?<br>(A) સમયસર બચત સુપ્રત કરવી (B) જરૂર કરતાં વધારે રકમ ન ઉપાડવી<br>(C) મંજુર થયેલ ગ્રાન્ટ જેટલો ખર્ચ કરવો (D) બીજા વર્ષે નાણાં મજરે લેવા |

| | |
|---|---|
| ૫૩ | આકસ્મિક ફંડનો કબજો રાજયપાલ વતી કોણ ધરાવશે ?<br>(A) રાજયના મુખ્ય સચિવશ્રી (B) નાણા વિભાગના સચિવશ્રી<br>(C) નાણા મંત્રીશ્રી (D) મુખ્ય મંત્રીશ્રી |
| ૫૪ | હવાલાની ફેરબદલી માટે કયા ફોર્મનો ઉપયોગ કરવામાં આવે છે ?<br>(A) ગુજરાત નાણાંકીય નિયમો ફોર્મ નંબર–૩<br>(B) ગુજરાત નાણાંકીય નિયમો ફોર્મ નંબર–૪<br>(C) ગુજરાત નાણાંકીય નિયમો ફોર્મ નંબર–૬<br>(D) ગુજરાત નાણાંકીય નિયમો ફોર્મ નંબર–૫ |
| ૫૫ | કોઈ નાણાંકીય વર્ષમાં કોઈ સેવા ખાતે થયેલું ખર્ચ જે સેવા માટે અને તે વર્ષ માટે મંજૂર કરેલ રકમ કરતાં વધુ થયું હોય તો તેને પહોંચી વળવા માટે રાજયના એકત્રિત ફંડમાંથી નાણાં કઈ રીતે મેળવવામાં આવે છે ?<br>(A) નાણાં વિધેયક (B) વિનિયોગ વિધેયક<br>(C) પૂરક, વધારાની કે અધિક ગ્રાન્ટ (D) લેખાનુંદાન |
| ૫૬ | ખાતાના વડા માટે પ્રોવિડન્ટ ફંડમાંથી પેશગી કોણ મંજૂર કરે ?<br>(A) નાણા વિભાગ (B) નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ<br>(C) પગાર અને હિસાબી અધિકારી (D) સંબંધિત વહીવટી વિભાગ |
| ૫૭ | શિક્ષણ ઉપકર પરની ચોખ્ખી ઉપજની શિક્ષણ ઉપકર–ફંડમાં તબદીલી ક્યારે કરવામાં આવે છે ?<br>(A) દર વર્ષે માર્ચ મહિનામાં (B) દર વર્ષે જુન મહિનામાં<br>(C) દર વર્ષે સપ્ટેમ્બર મહિનામાં (D) દર વર્ષે ડિસેમ્બર મહિનામાં |
| ૫૮ | ખેતર માટે જમીન ખરીદવા નિવૃત્તિના કેટલા માસ અગાઉ અંશતઃ આખરી ઉપાડ મંજુર કરી શકાય ?<br>(A) ત્રણ માસ (B) છ માસ<br>(C) બાર માસ (D) ચોવીસ માસ |
| ૫૯ | વહીવટી વિભાગોએ બચત સુપ્રત કરવા માટેની છેલ્લી તારીખ કઈ છે ?<br>(A) ૨૦ મી ડિસેમ્બર (B) ૧૫ મી ફેબ્રુઆરી<br>(C) ૩૧ મી માર્ચ (D) ૧૫ મી માર્ચ |
| ૬૦ | રોકડમેળના સરવાળાની ખરાઈ કરવાની જવાબદારી કોની છે ?<br>(A) કચેરીના વડાની (B) કેશીયરની<br>(C) મુખ્ય કારકુનની (D) અધિક્ષકની |

| | |
|---|---|
| ૬૧ | અંદાજ અધિકારીએ મોડામાં મોડુ કઈ તારીખ સુધીમાં નિયંત્રણ અધિકારીને અંદાજો મોકલવાના હોય છે ?<br>(A) ૧૫ મી સપ્ટેમ્બર (B) ૧ લી ઓકટોબર<br>(C) ૧૫ મી ઓકટોબર (D) ૧ લી ડિસેમ્બર |
| ૬૨ | નાણાંકીય મંજુરી વધુમાં વધુ કેટલા સમય પછી રદ થશે ?<br>(A) ત્રણ માસ (B) ચાર માસ<br>(C) છ માસ (D) બાર માસ |
| ૬૩ | નાણાં મંત્રીશ્રી, મુખ્ય સચિવ અને નાણાં સચિવની બનેલ સમિતિનું નામ શું છે ?<br>(A) જાહેર હિસાબ સમિતિ (B) અંદાજ સમિતિ<br>(C) ખર્ચ અગ્રતા સમિતિ (D) હિસાબ સમિતિ |
| ૬૪ | મોટરકાર પેશગીના હિસાબો કોણ રાખે છે ?<br>(A) તિજોરી અધિકારી (B) નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ<br>(C) એકાઉટન્ટ જનરલ (D) ખાતાના વડા |
| ૬૫ | કાપ દરખાસ્ત માટે કેટલા દિવસની નોટીસ આપવી જરૂરી છે ?<br>(A) એક દિવસની (B) ત્રણ દિવસની<br>(C) પાંચ દિવસની (D) એક અઠવાડિયાની |
| ૬૬ | માંદગીના હેતુ માટે ખાસ કિસ્સામાં અંશતઃ આખરી ઉપાડ મહત્તમ કેટલો મંજુર કરી શકાય ?<br>(A) જમા રકમના ૫૦ ટકા (B) જમા રકમના ૭૫ ટકા<br>(C) જમા રકમના ૯૦ ટકા (D) જમા રકમ જેટલો |
| ૬૭ | વિધાનસભામાં અંદાજપત્ર અંગે સામાન્ય ચર્ચા વધુમાં વધુ કેટલા દિવસ સુધી ચાલુ રહેશે ?<br>(A) અઢાર દિવસથી વધુ ન હોય (B) પાંચ દિવસથી વધુ ન હોય<br>(C) ચાર દિવસથી વધુ ન હોય (D) સમગ્ર સત્રના સમયથી વધુ ન હોય |
| ૬૮ | નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?<br>(A) કર્મચારી વધુમાં વધુ મૂળ પગારના ૯૦ ટકા જી.પી.એફ.માં ફાળો કપાવી શકે.<br>(B) કર્મચારી વધુમાં વધુ કુલ મળતરના ૭૫ ટકા જી.પી.એફ.માં ફાળો કપાવી શકે.<br>(C) કર્મચારી વધુમાં વધુ મૂળ પગારના ૭૫ ટકા જી.પી.એફ.માં ફાળો કપાવી શકે.<br>(D) કર્મચારી વધુમાં વધુ કુલ મળતરના ૫૦ ટકા જી.પી.એફ.માં ફાળો કપાવી શકે. |
| ૬૯ | નીચેનામાંથી કયું અંદાજપત્રનું પ્રકાશન નથી ?<br>(A) મહેકમ અંગેની પુસ્તિકા (B) નાણાં પંચનો અહેવાલ<br>(C) વાર્ષિક વિકાસ કાર્યક્રમ (D) પ્રવૃતિઓની રૂપરેખા |

| | |
|---|---|
| ૭૦ | સામાન્ય ભવિષ્ય નિધિમાંથી ઉપાડ માટે આપેલી મંજુરી કેટલા સમય પછી રદ થશે ?<br>(A) ત્રણ માસ (B) છ માસ<br>(C) બાર માસ (D) આઠ માસ |
| ૭૧ | રાજય સરકારને મળેલી તમામ આવક તિજોરી બિલો કાઢીને તેણે ઉભી કરેલી તમામ લોનો, બીજી લોનો કે સાધનો પાપ પેશગીઓ અને લોનો ભરપાઈ થતાં તેને મળેલ તમામ નાણાં મળીને કયું ફંડ બને છે ?<br>(A) ભારતનું એકત્રિત ફંડ (B) આકસ્મિક ફંડ<br>(C) રાજયનું એકત્રિત ફંડ (D) આ પૈકી એક પણ નહીં |
| ૭૨ | તિજોરીમાં બીલ રજુ કરવામાં આવે ત્યારે બીલ સ્વીકાર્યા બદલ તિજોરી કચેરીને શું આપે છે ?<br>(A) ટોકન (B) પહોંચ<br>(C) ચેક (D) વાઉચર |
| ૭૩ | અંદાજપત્ર તૈયાર કરવામાં કોણે કશો સીધો ભાગ લેવાનો હોતો નથી ?<br>(A) નાણાં ખાતુ (B) વહીવટી વિભાગ<br>(C) ખાતાના વડા (D) એકાઉન્ટન્ટ જનરલ |
| ૭૪ | ગુજરાત તિજોરી નિયમોના ફોર્મ–૩૦ થી શાનો નમૂનો નકકી થયેલ છે ?<br>(A) આકસ્મિક ખર્ચના બીલનો (B) કેશબુકનો<br>(C) પગાર બીલનો (D) સર્વિસ ટપાલ ટિકિટના બીલનો |
| ૭૫ | અંદાજ સમિતિ વધુમાં વધુ કેટલા સભ્યોની બનેલી હોય છે ?<br>(A) ત્રણ (B) સાત<br>(C) અગિયાર (D) પંદર |
| ૭૬ | બીલ રજીસ્ટર ગુજરાત તિજોરી નિયમો અનુસાર કયા ફોર્મમાં બનાવવામાં આવે છે ?<br>(A) ફોર્મ નં.૨૦ (B) ફોર્મ નં.૨૫<br>(C) ફોર્મ નં.૩૦ (D) ફોર્મ નં.૪૦ |
| ૭૭ | વર્ધિત પ્રોવિડન્ડ ફંડ નિયમો (મુંબઈ) કઈ તારીખથી અમલમાં આવ્યા ?<br>(A) ૧ લી નવેમ્બર ૧૯૬૦ થી (B) ૧ લી એપ્રિલ ૧૯૩૪ થી<br>(C) ૧ લી મે ૧૯૬૦ થી (D) ૧૫ મી જુલાઈ ૧૯૬૩ થી |
| ૭૮ | નીચેના માંથી કઈ પેશગી બિન વ્યાજુકી પેશગી છે ?<br>(A) મકાન પેશગી (B) પંખા પેશગી<br>(C) સાઈકલ પેશગી (D) તહેવાર પેશગી |

| | |
|---|---|
| ૭૯ | ' મળતર ' એટલે શું ? આ માટે સૌથી શ્રેષ્ઠ વિકલ્પ કયો છે ?<br>(A) નિયત માસિક પગારથી મહેનતાણું આપવામાં ન આવતું હોય તેવા નોકરોને સરકાર તરફથી આપવામાં આવતું કોઈપણ વેતન.<br>(B) રાજયેતર સેવા અંગે મળતું પગારના સ્વરૂપનું કોઈપણ મહેનતાણું.<br>(C) પગાર, રજાનો પગાર અથવા નિર્વાહ–ગ્રાન્ટને અનુચિત મોંઘવારી પગાર<br>(D) A, B, C ત્રણેય |
| ૮૦ | નીચેનામાંથી કઈ અંદાજપત્રીય અનિયમિતતા નથી ?<br>(A) સંખ્યાબંધ કેસોમાં વધુ પડતા પુનઃ વિનિયોગ<br>(B) સંખ્યાબંધ કેસોમાં તફાવતના કારણ ન આપવા<br>(C) અંદાજપત્રમાં કરેલ જોગવાઈની મર્યાદામાં ખર્ચ કરવો<br>(D) સંખ્યાબંધ કેસોમાં મોટી બચત |
| ૮૧ | પેશગીની રકમ બચતદારના ત્રણ માસના પગાર કરતાં વધારે હોય તેવા ખાસ કેસોમાં મંજુર કરતા સત્તાધિકારી આવા હપ્તાની સંખ્યા વધુમાં વધુ કેટલી નક્કી કરી શકે ?<br>(A) વધુમાં વધુ દસ માસિક હપ્તા (B) વધુમાં વધુ બાર માસિક હપ્તા<br>(C) વધુમાં વધુ છત્રીસ માસિક હપ્તા (D) વધુમાં વધુ ચોવીસ માસિક હપ્તા |
| ૮૨ | નીચેના માંથી કયો ખર્ચ વિધાનસભાના મતને આધીન નથી ?<br>(A) મુખ્ય સચિવશ્રીનો (B) નાણાં મંત્રીશ્રીનો<br>(C) મુખ્ય મંત્રીશ્રીનો (D) રાજયપાલશ્રીનો |
| ૮૩ | પ્રોવિડન્ડ ફંડનો બચતદાર વર્ષ દરમિયાન નિયત કરેલ ફાળાની રકમ કેટલીવાર ઘટાડી શકશે અને કેટલીવાર વધારી શકશે ?<br>(A) એકવાર ઘટાડી અને એકવાર વધારી શકે. (B) એકવાર ઘટાડી અને બે વાર વધારી શકે.<br>(C) બેવાર ઘટાડી અને એકવાર વધારી શકે (D) બે વાર વધારી અને બેવાર ઘટાડી શકશે. |
| ૮૪ | કાપ દરખાસ્ત માટે કેટલા સમયની નોટીસ આપવી જરૂરી છે ?<br>(A) એક અઠવાડિયાની (B) પાંચ દિવસની<br>(C) ત્રણ દિવસની (D) બે દિવસની |
| ૮૫ | પ્રોવિડન્ડ ફંડમાંથી આખરી ઉપાડ કેટલા વર્ષની નોકરી પૂર્ણ થયા પછી મળે ?<br>(A) બચતદારની નોકરીના પંદર વર્ષ પૂર્ણ થયેથી (B) બચતદારની નોકરીના દસ વર્ષ પૂર્ણ થયેથી<br>(C) બચતદારની નોકરીના પાંચ વર્ષ પૂર્ણ થયેથી (D) બચતદારની નોકરીના સાત વર્ષ પૂર્ણ થયેથી |

| | |
|---|---|
| ૮૬ | ગુજરાત રાજયના એકત્રીત ફંડમાંથી ખર્ચ કરવા માટે જોગવાઈ કરવા સંવિધાનની કલમ–૨૦૪ અન્વયે પસાર કરેલ કાયદો એટલે...<br>(A) વિનિયોગ વિધેયક (B) વિનિયોગ અધિનિયમ<br>(C) વાર્ષિક નાણાંકીય પત્ર (D) અંદાજપત્ર |
| ૮૭ | મોટરકાર ખરીદવા માટે પ્રોવિડન્ડ ફંડમાંથી રકમ ઉપાડવા માટે બચતદારે કેટલા વર્ષની નોકરી પૂર્ણ કરેલ હોવી જોઈએ ?<br>(A) દસ વર્ષની (B) પંદર વર્ષની<br>(C) પાંચ વર્ષની (D) ૨૫ વર્ષની |
| ૮૮ | ચાલુ કાયદો કે હુકમો અને નિયમોની રૂએ થતો ખર્ચ નીચેનામાંથી કોની સાથે સંબંધિત છે ?<br>(A) વહીવટી મંજુરીઓ (B) સ્થાયી ખર્ચની મંજુરીઓ<br>(C) ટેક્નીકલ મંજુરીઓ (D) મુડી ખર્ચ |
| ૮૯ | મુંબઈ જનરલ પ્રોવિડન્ટ ફંડના નિયમો ક્યારથી અમલમાં આવ્યા ?<br>(A) ૧ લી એપ્રિલ ૧૯૩૪ થી (B) ૧ લી મે ૧૯૬૦ થી<br>(C) ૧ લી ઓકટોબર ૧૯૩૬ થી (D) ૧૫ મી જુલાઈ ૧૯૬૩ થી |
| ૯૦ | ગુજરાત નાણાંકીય નિયમોના સંદર્ભમાં ફોર્મ નં.૬ શાના માટે છે ?<br>(A) પેશગી રજીસ્ટર (B) ચલન<br>(C) પહોંચ (D) હવાલાની ફેરબદલી |
| ૯૧ | મુંબઈ જનરલ પ્રોવિડન્ટ ફંડમાં ચોથા વર્ગના સરકારી કર્મચારીઓના સંબંધમાં હિસાબી અધિકારીની ભૂમિકા કોણ નિભાવે છે ?<br>(A) એકાઉન્ટન્ટ જનરલ (B) નિયામક, હિસાબ અને તિજોરી<br>(C) તિજોરી અધિકારી (D) ખાતાના વડા |
| ૯૨ | એક નાગરિકથી કરવેરા ભરેલ નાણાં ભર્યા અંગેની પહોંચ ખોવાઈ ગઈ છે અને તેને એ અંગેનો આધાર જોઈએ છે તો શું કરવું જોઈએ ?<br>(A) ડુપ્લીકેટ પહોંચ આપવી (B) નાણાં જમા થયા અંગેનું પ્રમાણપત્ર આપવું<br>(C) બીજી ઓરીજીનલ પહોંચ આપવી (D) કશું ન અપાય |
| ૯૩ | હિસાબી અધિકારીએ દરેક વર્ષ પુરૂ થાય પછી દરેક બચતદારને.........આપવું જોઈએ.<br>(A) વ્યાજ પત્રક (B) માંગણા પત્રક<br>(C) હિસાબ પત્રક (D) નિયુકિત પત્રક |

| | |
|---|---|
| ૯૪ | ગુજરાત તિજોરી નિયમોના કયા નિયમથી પગાર બીલનો નમુનો નક્કી થયેલ છે ?<br>(A) ફોર્મ નં.૩૦ (B) ફોર્મ નં.૩૬<br>(C) ફોર્મ નં.૪૦ (D) ફોર્મ નં.૨૬ |
| ૯૫ | અનામત સહ વીમા યોજનાનો લાભ બચતદારને આપવા માટે બચતદારે તેના મૃત્યુ સમયે ઓછામાં ઓછી કેટલા વર્ષની નોકરી કરી હોવી જોઈએ ?<br>(A) પાંચ વર્ષની (B) દસ વર્ષની<br>(C) પંદર વર્ષની (D) વીસ વર્ષની |
| ૯૬ | ખાતાના વડા કોની મકાન પેશગી મંજુર કરે છે ?<br>(A) રાજયપત્રીત અધિકારીની (B) બિનરાજયપત્રીત કર્મચારીઓની<br>(C) હંગામી કર્મચારીઓની (D) ઉપરોકત એક પણ નહીં |
| ૯૭ | દરેક ફરજિયાત બચતદારને પ્રોવિડન્ડ ફંડમાં દાખલ કરવામાં આવ્યો છે તે જોવાની જવાબદારી કોની રહેશે?<br>(A) કચેરીના વડા (B) ખાતાના વડા<br>(C) પ્રોવિડન્ડ ફંડ અધિકારી (D) નિયામક પ્રોવિડન્ડ ફંડ |
| ૯૮ | રાજયપાલ હસ્તક કયું ફંડ રાખવામાં આવે છે ?<br>(A) જાહેર હિસાબ ફંડ (B) અનુદાન ફંડ<br>(C) આકસ્મિક ફંડ (D) ઉપરોકત ત્રણેય |
| ૯૯ | પ્રોવિડન્ડ ફંડના ખાતામાંથી પોલીસીના નાણાં ભરવામાં આવતા હોય એવા બચતદાર મૃત્યુ પામે તે તારીખથી બે વર્ષ પૂરા થાય ત્યાં સુધી તેનો કાયદેસરનો વારસદાર ન મળે તો પોલીસીની ઉપજેલી રકમ ક્યાં જમા કરાવવામાં આવશે ?<br>(A) બચતદારના પ્રોવિડન્ડ ફંડ ખાતામાં (B) અનામત ફંડ તરીકે<br>(C) બિનવારસી ફંડ જપ્તી તરીકે (D) ચૂકવવાપાત્ર રહેશે નહીં. |
| ૧૦૦ | જી.પી.એફ. ના હેતુ માટે વર્ગ–૧ ના કચેરીના વડાના કિસ્સામાં હિસાબી અધિકારી કોણ ?<br>(A) નિયામક પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ (B) પગાર અને હિસાબી અધિકારી<br>(C) એકાઉટન્ટ જનરલ (D) નાણાં વિભાગ |

## ROUGH WORK

# ROUGH WORK

## ROUGH WORK